# સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રીસર્ચ (SHODH)

## SHODH યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત આવેલ અરજીઓના પરિણામ અંગે તથા અન્ય સૂચનાઓ

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા વર્ષ ૨૦૧૯ થી SHODH (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત મંજૂર થયેલ વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ.૧૫,૦૦૦ સ્ટાઇપેન્ડ અને વાર્ષિક રૂ.૨૦,૦૦૦ કન્ટીજન્સી સહાય એમ બે વર્ષમાં કુલ રૂ.૪,૦૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

શોધ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ શોધ પોર્ટલ પર મંગાવવામાં આવેલ હતી. જે અન્વયે જે તે યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા વેરીફાઈડ કરી લાયક ઠરાવવામાં આવેલ અરજીઓને કેસીજીની સ્ક્રુટીની સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી. કેસીજીની સ્ક્રુટીની સમિતિ દ્વારા નિયત કરેલ મૂલ્યાંકનના ધોરણોને આધારે અરજીઓ મંજૂર/નામંજૂર કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ વિદ્યાર્થીઓની યાદી શોધ પોર્ટલ પર તા.૧૭ /૧૨/૨૦૨૫ના રોજ જાહેર કરાવવામાં આવેલ છે.

આ વર્ષે મંજૂર થયેલ વિદ્યાર્થીઓ તેઓના **એવોર્ડ લેટર ૦૧/૦૧/૨૦૨૬** પછી પોર્ટલ પર લોગઈન કરીને ડાઉનલોડ કરી શકશે. મંજૂર થયેલ વિદ્યાર્થીઓનું **અરજી વર્ષ (Application Year) “2024”** છે જે સંપૂર્ણ સમયગાળા દરમિયાન લાગુ થશે. યોજનાની જોગવાઈઓ અનુસાર શોધ યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ અરજીઓના પ્રસિદ્ધ થયેલ યાદી અનુસારના વિદ્યાર્થીઓનું **સ્કોલરશીપનો સમયગાળો જાન્યુઆરી-૨૦૨૬ થી ડિસેમ્બર-૨૦૨૭ એમ બે વર્ષ માટે રહેશે.** વધુ સ્પષ્ટતા માટે પોર્ટલ પર ઉપલબ્ધ SHODH ગાઈડલાઈન્સમાં સામેલ નિયમો ધ્યાનપૂર્વક વાંચી લેવા.

જો તમારું નામ નામંજૂર ઉમેદવારોની યાદીમાં (List of Rejected Students for the Year 2024-25 On the grounds of minimum cut-off marks) સામેલછે, તો તેનો અર્થ એ છે કે, તમારી રીસર્ચ પ્રપોઝલ ને વિષય નિષ્ણાતો અને સ્ક્રુટીની સમિતિ દ્વારા મૂલ્યાંકનમાં લઘુત્તમ કટઓફ ગુણ એટલે કે ૫૦% પ્રાપ્ત ન થવાના આધારે નકારવામાં આવી છે. સ્ક્રૂટિની કમિટીએ માન્ય/અમાન્ય કરેલ અરજીઓ પર કોઈ પુન:વિચારણા કરવામાં આવશે નહિ. તમે તમારા પીએચડી સંશોધન શીર્ષક અને દરખાસ્તમાં સુધારો કરીને આગામી વર્ષે ફરીથી અરજી કરી શકો છો. એક વખત સ્ક્રૂટિની સમિતિ દ્વારા નકારવામાં આવેલ અરજી (રીજેક્ટ

થયેલ) તે વિષય ટાઈટલ સાથે પુનઃ બીજા વર્ષે અરજી કરી શકશે નહિ. તે રજીસ્ટર્ડ થયેલ વિષયની અરજી કાયમી ધોરણે આ યોજના માટે રદ્દ થયેલ ગણાશે. જો તમે SHODH પોર્ટલ પર રજીસ્ટર્ડ થયેલ રીસર્ચ ટાઈટલ સાથે ફરી અરજી કરશો, તો તમારી અરજી **"Previously Rejected"** તરીકે ચિહ્નિત કરવામાં આવશે. પરિણામે, ચાલુ વર્ષના રજીસ્ટર્ડ થયેલ સંશોધન શીર્ષક સાથે ભવિષ્યમાં ફરી વાર અરજી કરવી નહિ.

**:: મંજૂર થયેલ વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ નિયમોનો ફરજીયાત અમલ કરવાનો રહેશે. ::**


## 1) શોધ પોર્ટલ પર હાજરી રિપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને RDC રિપોર્ટ અપલોડ કરવા માટેની સૂચનાઓ

- શોધ યોજનાનાં ઠરાવમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીની યુનિવર્સિટીના જે તે વિભાગમાં નિયમિત રીતે ઓછામાં ઓછા ૭૫% હાજરી ફરજીયાત આપેલી હોવી જોઈએ. આ અંગે વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પી.એચ.ડી. ગાઈડની સહી સિક્કા સહિતનું પ્રમાણપત્ર દરેક માસના અંતે વિદ્યાર્થીએ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીએ જાન્યુઆરી-૨૦૨૬ તથા તે બાદના પ્રત્યેક માસના હાજરી, પ્રોગ્રેસ અને RDC રીપોર્ટ આગળના માસના દિન-૩માં ફરજીયાત અપલોડ કરવાના રહેશે તથા વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરવામાં આવેલ રિપોર્ટ્સ નોડલ ઓફિસરે પછીના દિન-૨ સુધીમાં ફરજિયાત વેરીફાઈ કરવાના રહેશે. (દા.ત. જાન્યુઆરી-૨૦૨૬ માસના રિપોર્ટ્સ ફેબ્રુઆરી-૨૦૨૬ મહિનાના શરૂઆતના ૩ દિવસમાં એટલે કે ૧ થી ૩ તારીખ સુધીમાં અપલોડ કરવાના રહેશે). જો વિદ્યાર્થીઓ દ્વારા નિયત સમયમર્યાદામાં તમામ માસિક રીપોર્ટ અપલોડ કરવામાં અને/અથવા તેઓના અપલોડ કરેલ રિપોર્ટ્સ વેરીફાઈડ કરવામાં વિલંબ થશે તો તે માસનું ચુકવણું પછીના માસમાં થશે.
- આ બાબતે વિદ્યાર્થીએ અપલોડ કરેલ રિપોર્ટ્સના સ્ટેટ્સ જાતે ચેક કરવાના રહેશે. જે વિદ્યાર્થીઓના માસિક **હાજરી અને અન્ય રિપોર્ટ્સના સ્ટેટ્સ "વેરીફાઈડ"** હશે ફક્ત તેઓને જ જે-તે માસના સ્ટાઇપેંડની ચૂકવણી થશે. આ બાબતે તમામ જવાબદારી વિદ્યાર્થીની જ રહેશે. આ બાબતે નોડલ ઓફિસરે વિદ્યાર્થીઓને દર માસની પહેલી તારીખે રીપોર્ટ અપલોડ કરવાની કડક સૂચના આપવી આવશ્યક છે, જેથી વિના વિલંબે નિયમિત સ્ટાઇપેંડની ચૂકવણી થઇ શકે.


## <u>રિપોર્ટ્સ અપલોડ કરવા માટે નીચે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.</u>

1. વિદ્યાર્થીએ શોધ પોર્ટલ પર **"સ્ટુડન્ટ લોગઈન"** કરી હાજરી પ્રમાણપત્ર અને સતત મૂલ્યાંકન અહેવાલ માટે નિયત કરવામાં આવેલ ફોરમેટ ડાઉનલોડ કરવાનું રહેશે. દર માસ માટે અલગ અલગ વિગતો સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે. તમામ માસિક રિપોર્ટ્સમાં વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (HoD) અને પી.એચ.ડી. ગાઈડના સહી સિક્કા મેળવવાના રહેશે. ત્યારબાદ તમામ રિપોર્ટ્સ PDF ફોરમેટમાં સ્કેન કરીને પોર્ટલ પર લોગીન કરી અપલોડ કરવાના રહેશે. તથા છેલ્લે જે માસમાં RDC થઇ હોય તે જ અપલોડ કરવી.
2. ૭૫%થી ઓછી હાજરીના કિસ્સામાં વિદ્યાર્થી પોર્ટલ પર "ટેમ્પરરી બ્લોક" થઇ જશે, જેની દરેક વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી. આથી હાજરીના ટકા ધ્યાનથી એન્ટર કરવા. રજાના કિસ્સામાં શોધ ગાઈડલાઈન્સમાં સામેલ **<u>રજાના નિયમો</u>** ધ્યાને લઇ ધ્યાનથી હાજરી ગણવી.
3. વિદ્યાર્થીએ રિપોર્ટ અપલોડ કર્યા પછી **"Submit"** પર ફરજીયાત ક્લિક કરવાનું રહેશે,
4. વિદ્યાર્થીને જો તેના રીપોર્ટ સ્ટેટ્સ **"Pending"** દર્શાવે તો તેઓએ તેમની યુનિવર્સિટીના નોડલ ઓફિસરશ્રીનો જ સંપર્ક કરવાનો રહેશે.
5. વિદ્યાર્થીઓએ માત્ર ઓનલાઈન જ રીપોર્ટ અપલોડ કરવાના છે. અપલોડ થયેલ રીપોર્ટ નોડલ ઓફિસર દ્વારા વેરીફાઈ કરવામાં આવશે તેથી અપલોડ કરેલ રીપોર્ટના વેરીફીકેશન માટે માત્ર નોડલ ઓફિસરશ્રીનો સંપર્ક કરવો.
6. માત્ર યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા પોર્ટલ પર વેરીફીકેશન થયેલ વિદ્યાર્થીઓ જ જે-તે માસ માટે સ્ટાઈપેન્ડ મેળવવા માટે લાયક ગણાશે. ઉક્ત સમયમર્યાદામાં જે વિદ્યાર્થીઓ ઉક્ત રિપોર્ટ્સ ઓનલાઈન અપલોડ કરવામાં અસમર્થ રહેશે તેમને જે તે માસના સ્ટાઇપેંડનું ચુકવણું થઇ શકશે નહી અને તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે તેની ખાસ નોંધ લેવી. આથી સમયસર સ્ટાઇપેંડ મેળવવા નિયત તારીખ સુધીમાં તમામ રીપોર્ટ શોધ પોર્ટલ પર અપલોડ કરવા જણાવવામાં આવે છે. આપના રિપોર્ટ્સ વેરીફાઈડ થયાના અંદાજીત ૨૦ થી ૨૫ કામકાજના દિવસોમાં સહાયની ચૂકવણી કરવામાં આવશે

## ❖ Steps and preview for uploading monthly attendance and other reports




## ❖ Preview of Verification status



## 2) AADHAR Bank Seeding status માટેની સૂચનાઓ

- આ યોજનામાં સ્ટાઇપેંડની ચૂકવણી DBT (Direct Benifit Transfer) મારફતે કરવામાં આવે છે. તેથી વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ તેના પોતાના આધારકાર્ડ સાથે લીંક હોવું ફરજીયાત છે. આથી તમામ વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓએ **https://myaadhaar.uidai.gov.in/** પર અથવા શોધ પોર્ટલ પર ઉપલબ્ધ **"How to Check AADHAR linking bank status"** માં દર્શાવેલ સ્ટેપ્સ પ્રમાણે આધાર- બેંક લિન્કિંગ સ્ટેટ્સ ફરજીયાત ચેક કરવું. Bank Seeding status "Active" હશે તો જ સમયસર ચુકવણું થશે અન્યથા કામકાજના ૨૦ થી ૨૫ દિવસ પછી NEFT દ્વારા ચુકવણું કરવામાં આવશે. જેઓનું Bank Seeding status "Inactive" હોય તેઓએ બેંકમાં સંપર્ક કરવાનો રહેશે.

## 3) રજાના નિયમો અંગે

- યોજના અંતર્ગત લાભ લેનાર વિદ્યાર્થીઓને ફેલોશીપના સમયગાળા દરમિયાન મેડીકલ લીવ, મેટરનિટી લીવ ડ્યુટી લીવ વગેરે રજાઓ મળવાપાત્ર છે. વધુ વિગતો શોધ ગાઈડલાઈન્સમાં સામેલ "શોધ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે રજાના નિયમો" દ્વારા મેળવી લેવી.

## 4) આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અંગેની સૂચનાઓ

- ઠરાવની કલમ ૩માં જણાવ્યા અનુસાર અન્ય આનુષંગિક ખર્ચ પેટે મળવા પાત્ર વાર્ષિક રકમ રૂ. ૨૦,૦૦૦માંથી વિદ્યાર્થીઓ પુસ્તકોની ખરીદી, નાના ઈક્વિપમેન્ટની ખરીદી, ટ્રાન્સપોર્ટેશન, ટાઈપીંગ ખર્ચ વગેરે માટે કરી શકશે. આ માટે વિદ્યાર્થીએ કરેલ ખરેખર ખર્ચના બીલ પીએચ.ડી. ગાઈડ અને નોડલ ઓફિસર દ્વારા પ્રમાણિત કર્યા બાદ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. કેસીજી દ્વારા પ્રમાણિત બિલોની ચકાસણી અને મંજૂરી બાદ ખરેખર ખર્ચની રકમ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦=૦૦ની મર્યાદામાં ચુકવણું કરવામાં આવશે. ફક્ત ફેલોશીપના સમયગાળા દરમિયાન થયેલ ખર્ચના બીલ જ માન્ય ગણવામાં આવશે. જે બાબત ખાસ ધ્યાને લેવી. ફેલોશીપના સમયગાળાના પ્રથમ વર્ષ તથા દ્વિતીય વર્ષના અંતમાં સૂચનાઓ આપવામાં આવશે. જેમાં સમયમર્યાદા મહત્તમ ૨ મહિનાની આપવામાં આવશે. જે ધ્યાને લઈને વિદ્યાર્થીઓએ કાર્યવાહી કરવાની રેહશે. કન્ટીજન્સી ફોર્મમાં નોડલ ઓફિસર દ્વારા વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- માંથી "કુલ મંજૂર થયેલ રકમ" (sanction amount) ફરજીયાત લખાવવાની રેહશે, જો કન્ટીજન્સી ફોર્મ અને વેરીફીકેશન કરતાં સમયે પોર્ટલમાં "કુલ મંજૂર થયેલ રકમ" લખેલી નહિ હોય તો ચૂકવણી કરવામાં આવશે નહિ. જે બાબત ખાસ નોંધ લેવી.

- કન્ટીજન્સી ખર્ચની ચૂકવણી વાર્ષિક ધોરણે કરવામાં આવતી હોવાથી નિયત સમયમર્યાદામાં નોડલ ઓફિસરશ્રીએ વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરેલ ખર્ચના બિલનું વેરીફીકેશન ફરજીયાત કરવાનું રહેશે. જો સમયમર્યાદા બાદ જો બિલ્સ અપલોડ કરવામાં આવશે અથવા વેરીફીકેશન થશે તો તે રકમનું ચુકવણું થશે નહિ તે બાબતે કોઇપણ પ્રકારની દલીલ સ્વીકારવામાં આવશે નહિ.
- વધુ વિગતો શોધ ગાઈડલાઈન્સમાં સામેલ "આનુષંગિક ખર્ચ (કન્ટીજન્સી) અંગેની સૂચનાઓ" દ્વારા મેળવી લેવી.

## 5) <u>શોધ યોજનામાં મળેલ સ્ટાઇપેન્ડ પરત કરવા માટે</u>

- પાત્રતાના ધોરણો શરૂઆતથી અંત સુધી નિયમો અનુસાર ચાલુ રહેવા જ જોઈએ. આથી, પાત્રતાના ધોરણો સ્ક્રુટીની સમિતિ દ્વારા અરજી મંજુર કરવામાં આવે તે સમયથી લઈને યોજનાના સંપૂર્ણ સમયગાળા દરમિયાન લાગુ થશે. આ ધોરણો જો અભ્યાસના સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થાય તો અરજદાર તેની અરજીની માન્યતાની પાત્રતા મંજુરીની તારીખથી જ ગુમાવે છે. નહિ કે નિયમભંગ કરે તે દિવસથી એનો અર્થ સ્પષ્ટ થાય છે કે પ્રથમ દિવસથી પ્રાપ્ત કરેલ પૂરેપૂરી રકમ દર્શાવેલ વ્યાજ સાથે પરત કરવી ફરજીયાત છે. આ ધોરણોનો જો સંપૂર્ણ સમયગાળા દરમિયાન ગમે ત્યારે ભંગ થશે, તો ઠરાવ મુજબની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે કોઈ વાદ-વિવાદ અપેક્ષિત નથી. આ ઉપરાંત માહિતી છુપાવી કે જાણીજોઈને કરેલ નિયમભંગ કે ખોટી માહિતી સાબિત થતા સમયગાળા પછી પણ, ગમે ત્યારે સ્કોલરશીપની રકમ વ્યાજ સાથે પરત કરવાની રહેશે.
- વિદ્યાર્થી શોધ યોજનાની પૂરેપૂરી રકમની સહાયતા મેળવી શકે છે અથવા તે નિયમો અનુસાર અમાન્ય કે માન્યતા ગુમાવે/પોતે રદ્દ કરાવે તો માન્યતા પ્રથમ દિવસથી જ સમગ્ર રીતે રદ્દ થાય છે. અને તેથી કોઈ પણ વિદ્યાર્થી આંશિક રીતે યોજનાનો અમુક સમય સુધીનો લાભ મેળવી શકે નહીં. આંશિક ધોરણે લાભ આપવાની વ્યવસ્થા ઠરાવમાં નથી. ઉદા. અન્ય સંસ્થા કે કેન્દ્ર/રાજ્ય સરકારની વધુ રકમની નોકરી/લોન/સ્કોલરશીપ/સહાય મંજૂર થાય અને પીએચ.ડી. રદ્દ ના થયેલ હોય તો પણ પ્રથમ દિવસથી જ મળેલ પૂરેપૂરી રકમ વ્યાજ સાથે પરત કરવાની રહેશે. આવા સંજોગોમાં સાવચેતી રાખીને નિર્ણય લેવા.
- વધુ વિગતો શોધ ગાઈડલાઈન્સમાં સામેલ "**શોધ યોજનામાં મળેલ સ્ટાઇપેન્ડ પરત કરવા માટે અગત્યની સૂચનાઓ/ નિયમો**" દ્વારા મેળવી લેવી.

મેમ્બર સેક્રેટરી

શોધ યોજના